






છે મુખત્યાર, આદત પડી વટહુકમની,
કરે ધાર્યું, પક્ષ ચાલે એના વટહુકમથી,
વટહુકમથી દોડે તંત્ર ને અધિકારીઓ -
ચાલે છે માંદલી લોકશાહી, વટહુકમથી...
(ભૂમિ અધિગ્રહણ - વટહુકમ)




માન ન માન
હું તારો મહેમાન,
વિદેશ યાત્રા..
(બીન સરકારી યાત્રાઓ)
રાજદ્વારી

ભરખી ગયો,
ડોનેશન નો દૈત્ય
કુમળા છોડ
(ગરીબ પરિવારની
આત્મહત્યા)

## ચિંતન

**કો અતિભારઃ સમર્થાનાં કિં દૂર વ્યવસાયિનામ્ । કે વિદેશઃ સવિદ્યાનાં કઃ પરઃ પ્રિય વાદિનામ્ ॥**

'જે સમર્થ-શક્તિમાન-બળવાન છે એને અતિભારે એવું શું છે? નિશ્ચયપૂર્વક કાર્યશીલ પ્રવૃત્તિમાં જ રહેનારને - સખત પરિશ્રમ સાથે ઉદ્યમ કરનારને પ્રગતિ કરવા માટે દૂર કે દુષ્પ્રાપ્ય જેવું શું છે? જેને વિવિધ જાતની વિદ્યાઓ - 'તાલીમ' - હુન્નરકાળા હસ્તગત કરી હોય તેને માટે કયો તે દેશ વિદેશ છે? અને સદાય સર્વ સાથે સ્મિત સાથે પ્રિય બોલનારને માટે શત્રુ કે વિરોધી કોણ છે?'

માણસ સદાય પોતાની આળશુવૃત્તિના સંતોષનો બૂરખો પહેરાવી છૂપાવે છે શારીરિક શ્રમ - પરિશ્રમ ન કરનારા રોગનો ભોગ તો બને જ છે પણ બેઠા-બેઠા ખાનારાઓ બાપ-દાદાનો વારસો પણ ખૂટી પડે સદાય સમર્થ-શક્તિમાન રહેવા 'પ્રવૃત્તિ'માં જ રહો.

જેના હાથમાં હુન્નર છે, કામમાં કલા છે શોચમાં શિક્ષણ છે અને તૈયારીમાં તાલીમ છે. આવો કેળવાયેલો - શિક્ષિત કદી પણ દુખી થતો નથી અને માટે વિશ્વ આખું પોતાની કચેરી-કાર્યક્ષેત્ર છે.

નમ્ર વિવેકી - મધુર બોલનાર ને કદાપિ કોઇ શત્રુ - થતા નથી.

## સુવિચાર

- માગ્યા વગર આપવા વાળો અને કહ્યા વગર કરવાવાળો ભગવાન જ છે **- ધર્મસૂત્ર**
- માણસ જયાં સુધી બીજા માણસના હૃદય સુધી પહોંચી શકશે નહીં ત્યાં સુધી માણસ ઇશ્વર સુધી પહોંચી નહીં શકે **- હરિન્દ્ર દવે**
- 'ધન્ય જીભ' તો તેને કહીયે, જે વાણી વિમળ ઉચ્ચારતી રે..., પાપ સંતાપ તાપ શમાવે, તન-મન શીતળ કરતી રે.. **- આચાર્ય વિજય ચંદ્રજી**
- વાસ્તવમાં જેને મેળવવો સંભવ નથી એ સંસાર છે અને જેને કયારેય ખોવો સંભવ નથી એ જ 'પરમાત્મા' છે **- સંસારસૂત્ર**
- મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે, એટલા માટે તેણે કરેલા કર્મની જવાબદારી પણ તેની પોતાની છે **- જનકલ્યાણ**
- શ્રદ્ધા સસ્તો સુઝાડે છે, પણ શંકા તો સદાય રસ્તો રોકી જ લે છે **- મોરારિ બાપુ**
- શબ્દ ચૂપ રહે એના માત્ર અર્થ બોલે તે ઉત્તમ મૌન **- ઓશો**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

વડીલો એ ખૂબ દુઃખ-મુશ્કેલી વેઠી સંતાનોનો ઉછેર-વિકાસ કર્યો હોય. સંતાન ભણી ગણી સારી પદવી પર કમાતાં-ધમાતાં થયાં હોય તેથી તેમને પૈસાની આવક બાબત ગાંભીર્ય કે બચત બાબત વિચાર આવતા નથી.

એક વૃદ્ધે ખૂબ કરકસરથી પોતાનાં એકનાં એક સંતાનને મોટો કર્યો હતો. ઊંચી ટેકરી પર, ખીણ પાસે સપાટ મેદાનમાં તેમની ખેતી હતી. આવક સારી હતી. ખેડૂતના પુત્રને ત્યાં પણ એક દીકરો હતો.

દીકરો પોતાને પુત્ર જે કંઇ માગે તે શહેરમાંથી લાવી દેતો. મોબાઇલ-બાઇક-વીડિયો તો એ પૌત્ર રમકડાંની જેમ વાપરતો. ડોસો નાની નાની બચત અને ઉડાઉ ખર્ચ માટે ખૂબ જ કકળાટ કરતો.

દીકરાને આ કકળાટ અસહ્ય થઇ ગયો. બાપો આખમાં કણાની જેમ ખટકવા લાગ્યો. એક દિવસ બાપાનું કાસણ કાઢવાનું નક્કી કર્યું.

એક ખોખું તૈયાર કરી બાપાને તેમાં નાખી ખોખું ખીણમાં નાખી દેવાનું નક્કી કર્યું. ખોખું તૈયાર થયું. બાપાને કહ્યું આમાં બેસી જાવ!

બાપો સમજી ગયો. કહ્યું બેટા! મારા માટે આવો ખોટો ખર્ચ શા માટે કરે છે? મને એમ જ ખીણમાં ધક્કો દઇ દે ને! ખોખું પડ્યું હશે તો આવા કોઇ સમયે તારા દીકરાને જ કાણ લાગશે..!!

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતીય શિક્ષણના ભગવાકરણના નીરક્ષીરને બદલે ઉહાપોહ

## અતીતથી આજ

- ડૉ. હરિ દેસાઇ

**વિરોધ કરવા ખાતર વિરોધ કરવાને બદલે કેન્દ્રની નિયુક્તિઓ અને બદલાતા અભ્યાસક્રમોની યોગ્યાયોગ્યતા ચકાસવી જરૂરી**

ભારત સરકારનું સૂત્રસંચાલન ભારતીય જનતા પક્ષ પાસે આવતાંની સાથે જ કોંગ્રેસીઓનો જ નહીં, કોમ્યુનિસ્ટોનો પણ ગરાસ લૂંટાઇ ગયો છે. કોંગ્રેસીઓના ખભે ચડીને શિક્ષણની સંસ્થાઓ અને સંશોધન સંસ્થાનોમાં ડાબેરી વિચારકોની દાયકાઓ સુધીની મક્તેદારી હવેની રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)ની નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે સમાપ્ત કરી દેવાનો મક્કમ નિરધાર કર્યો છે. છેક ૧૯૬૭માં ઈન્દિરા ગાંધીને સામ્યવાદી વિચારોની કેન્દ્ર સરકાર ચલાવવા માટે ગરજ પડી ત્યારેથી ડાબેરીઓએ સરકારી સંસ્થાઓમાં પગદંડો જમાવ્યો છે. સમાજવાદ અને ગરીબોના ઉદ્ધારને નામે કોમ્યુનિસ્ટોએ પોતાનું જ ઉત્થાન કરવાનું ચાલુ રાખ્યું છે. શિક્ષણની સંસ્થાઓ પર પોતાની મક્તેદારી ટકાવીને ફાટફાટ થતા ડાબેરી વિચારકો અને ઈતિહાસકારોને ક્યારેક મોસ્કોનું તો ક્યારેક બીજિંગનું છત્ર ઉપલબ્ધ હતું. ઈન્દિરા ગાંધી સત્તારૂઢ હતાં ત્યાં લગી નેહરુયુગમાં પોષાયેલા પ્રગતિશીલ વિચારકોનું ચલણ ખાસ્સું ચાલતું રહ્યું. સોવિયેત રશિયાના તૂટવાની સાથે જ અનાથ બનેલા ડાબેરીઓનાં માઈબાપ કોંગ્રેસી શાસકો રહ્યા, પણ રાજીવ ગાંધીના યુગમાં એમને ઘાસ નીરવાનું ઓછું થયું. નરસિંહ રાવનો ઉદારીકરણ અને ખાનગીકરણનો યુગ આવતાં ડાબેરી વિચારકો અનાથ બનવા માંડ્યા. ચંદન મિત્ર(પાયોનિયર) જેવા કેટલાકે તો ભાજપનું તરણું ઝાલીને રાજ્યસભા સુધીનો મારગ પકડ્યો તો કેટલાક સંયુક્ત પ્રગતિશીલ મોરચા (યુપીએ)ની સરકારના ગોડફાધરો કે ગોડમધરોને સહારે હોદ્દે ટકી રહ્યા. મોદી યુગમાં વાજપેયી યુગ જેટલી ઉદાર દૃષ્ટિ નહીં હોવાથી સંઘ-ભાજપની કથિત ભગવીનીતિનો કટ્ટરતાથી અમલ થવાનું કોંગ્રેસીઓ કરતાં ડાબેરીઓને અનુભવાતાં ઉહાપોહ આરંભાયો છે. ચીનને નિષ્ઠાસ્થાન લેખનારા માર્કસવાદી સામ્યવાદી પાર્ટીના નેતાઓને ચીની શાસનમાં સામ્યવાદી અને મૂડીવાદના મેળાપ સામે વાંધો નથી, પણ ઘરઆંગણે સંઘીકરણ તેમને કઠે છે.

વાજપેયી સરકારમાં માનવ સંસાધન પ્રધાન રહેલા ડો.મુરલી મનોહર જોશીના સંઘનિષ્ઠ એજન્ડામાં શિક્ષણનું ભગવાકરણ થઇ રહ્યાની કાગારોળ ઘણી મચી હતી છતાં એ કાગારોળ મચાવનારાઓને પ્રાપ્ત સરકારી હોદ્દાઓ પરથી દૂર કરવામાં મોદીયુગીન આક્રમક શૈલી અપનાવાઈ નહોતી. વાજપેયી યુગનો અસ્ત થતાંની સાથે જ કોંગ્રેસના દાયકાના શાસનમાં ફરીને ડાબેરીઓ બેપાંદડે થયા હતા. હવે તો મોદીએ શાસન ચલાવવા માટે અટલબિહારી વાજપેયીની જેમ ૨૪ ઘટક પક્ષોના સંયુક્ત મોરચાની સરકાર ચલાવવા જેવી વિવશતા અનુભવવાના સંજોગો નથી. દેડકાંની પાંચ શેરી જેવી વાજપેયી સરકારની તુલનામાં વર્તમાન કેન્દ્ર સરકાર સંઘનિષ્ઠ ભાજપની બહુમતી ધરાવનારી સરકાર હોવાથી મિત્રપક્ષોને તંગ દોરડા પર નર્તન કરાવી શકવાની સ્થિતિમાં છે.સ્વભાવગત રીતે અટલબિહારી મિલનસાર અને સૌને સાથે લઈ ચાલનાર વ્યક્તિત્વ ધરાવતા હતા. એથી વિપરીત નરેન્દ્ર મોદી ધાર્યું કરાવનાર અને વિરોધ કરનારાઓનો વારો કાઢી લેનાર વ્યક્તિ છે. આવા સંજોગોમાં એમણે લીધેલા નિર્ણયોનું નીરક્ષીર કરવાની હિંમત કોઈ કરવા ભાગ્યે જ સક્ષમ છે. એમના પ્રધાનમંડળના સભ્યો તો મોદીચાલીસાના જાપ કરતાં મોદી કરતા ય સવાયા આક્રમક બનીને વર્તે છે. શિક્ષણના ભગવાકરણના મુદ્દે ડો.મુરલી મનોહર જોશીના યુગમાં પણ ભારે ઉહાપોહ મચો રહ્યો હોવા છતાં બબ્બે વડા પ્રધાનોના પ્રાધ્યાપક રહેલા ડો. જોશી ચર્ચા માટે તૈયાર રહેતા હતા અને વિરોધીઓનો ઉત્તર વાળવા માટે સદાય સક્ષમ હતા. એની તુલનામાં વર્તમાન માનવ સંસાધન પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઈરાની ઓછું ભણેલાં અને સીરિયલનાં 'તુલસી'માંથી વાયા મહારાષ્ટ્રની રાજનીતિના કર્તાહર્તા સ્વ. પ્રમોદ મહાજન અને સ્વ. ગોપીનાથ મુંડે રાજકારણમાં આવ્યાં હતાં. એક તબક્કે તો મોદીના ગોધરા-અનુગોધરા કાંડના વિરોધમાં ધરણાં કરવાની ઘોષણા કરનારાં શ્રીમતી ઈરાની મોદીનિષ્ઠ બન્યા પછી વાયા ગુજરાત જ રાજ્યસભે પહોંચ્યાં છે.

વાજપેયી યુગમાં ડો.મુરલી મનોહર જોશી જેવા વરિષ્ઠ સંઘ-સ્વયંસેવક અને પક્ષના અધ્યક્ષ રહેલા સંઘનિષ્ઠ વ્યક્તિત્વનો અટલ સરકારમાં 'નંબર-ટુ' એવા નાયબ વડા પ્રધાન અને ગૃહ પ્રધાન લાલકૃષ્ણ અડવાણી સાથેનો ટકરાવ હતો. બાબરી ધ્વંશ મુદ્દે અડવાણી નિર્દોષ જાહેર કરાયા અને મુરલી મનોહર દોષિત ત્યારે એમણે કેબિનેટમાંથી રાજીનામું કેવા સંજોગોમાં આપ્યું હતું એનું બયાન એમના નવી દિલ્હીના રાયસીના રોડસ્થિત નિવાસસ્થાને અમારી મુલાકાતમાં એમણે ખૂબ મોકળાશથી કર્યું હતું. જોકે અટલજીએ એમને મનાવી લીધા હતા. એ ગાળામાં અટલ-આડવાણી-મુરલી મનોહરની ત્રિપુટીની સંઘનિષ્ઠાનો સંકલ્પ શંકાતીત હતો. આજે ચિત્ર બદલાયેલું છે. એ ત્રિપુટીને હોંશિયામાં ધકેલીને નરેન્દ્ર મોદીએ પોતાને કેન્દ્રસ્થાને પ્રસ્થાપિત કર્યા છે. આમન્યાઓનું જતન હવે ઈતિહાસ બની ગયાનું અનુભવાય છે.

શિક્ષણ ક્ષેત્રમાં દંડૂકાશાહી કે ફતવાશાહી નહીં, સૌનો સાથ - સૌનો વિકાસની ભૂમિકાથી જ આગળ વધી શકાય. સૂત્રોમાં સારી લાગતી વાતો આચરણમાં અમલી બનતી નથી. નવી સરકાર આવે એટલે નિયુક્તિઓ કરવાની સત્તા એના હાથમાં હોય છે ખરી, એ કરવી પણ જોઈએ, પરંતુ સામેની વ્યક્તિની ગરિમા અને પરંપરાનો ખ્યાલ રાખવો જરૂરી છે. દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ ડો. દિનેશ સિંહ કહ્યાગરા બની ના રહે ત્યારે એમનું રાજીનામું લેવા અપનાવાતી પદ્ધતિ કે અનિલ કાકોડકર જેવા વિશ્વપ્રતિષ્ઠ અણુ વિજ્ઞાનીને આઈઆઈટી-મુંબઈના બોર્ડના અધ્યક્ષ તરીકે રાજીનામું આપવા વિવશ થવું પડે એ સંજોગો ટાળી શકાયા હોત. યુજીસીના અ ગુડ બુકમાં ચાલુ રહી શકે એ માટે એમના ભાજપી સાંસદ ભાઈની વગ કામ કરી શકે છે. કેટલાક મહાનુભાવો નિષ્ઠા બદલીને સત્તાસ્થાન જાળી શકે છે પરંતુ કેટલાકને હોદ્દાઓ છોડવાની ફરજ પાડવા અપાનાવાયેલા નુસખાઓ ઉચિત જણાતા નથી. જોકે અગાઉની સરકાર તરફથી નિમણૂક પામનારાઓએ નવી સરકારને અનુકૂળ વ્યક્તિઓની નિમણૂક માટેની મોકળાશ કરી આપવા માટે સામેથી રાજીનામાં ધરી દેવાં જોઈતાં હતાં. ગુજરાતનાં ૮૫ વર્ષીય રાજ્યપાલ રહેલાં ડો. કમલાજીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે અનેકવાર ટકરાવમાં આવવાનું થયું હતું. મોદી વડા પ્રધાન થયા ત્યારે કમલાજીએ ગરિમાપૂર્ણ રીતે રાજ્યપાલ પદ છોડવાની પહેલ કરવી જોઈતી હતી. એમની જેમ બીજા કેટલાક રાજ્યપાલોએ પણ નાછૂટકે ગાદી છોડી અને મોદી સરકારે નવા સંઘનિષ્ઠ રાજ્યપાલો નિયુક્ત કર્યા. સત્તાપલટા અને લોકશાહી પરંપરાનાં વધુ સારાં દ્રશ્યો જોવા મળે તો આનંદ થાય.

ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરાર આવે ત્યારે હજારો નિમણૂકો કરવાની સત્તા એની પાસે આવવી સ્વાભાવિક છે. ભાજપને દેશની પ્રજાએ જનમત આપીને સત્તાની સોંપણી કરી હોય ત્યારે લોકશાહી મૂલ્યોનો આદર કરતાં રાજકીય નિમણૂક પામેલાઓએ હોદ્દા છોડીને સ્વસ્થ પરંપરા સ્થાપવી જોઈએ. યુજીસીમાં અમુક સંઘનિષ્ઠ સભ્યોની નિમણૂક થાય કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ (આઈસીએચઆર) જેવી સંસ્થાઓમાં સંઘ પરિવારનાં સંગઠનોની વ્યક્તિઓ મૂકવામાં આવે તો એમાં ખોટું શું છે? કોંગ્રેસની સરકાર વિદાય થયા પછી નોખી વિચારધારા સાથેની ભાજપની સરકાર સત્તા સંભાળે અને એ ભાજપ-સંઘના નિષ્ઠાવંતોને હોદ્દા સોંપે નહીં તો શું કોમ્યુનિસ્ટોની નિમણૂક કરે?

● અનુસંધાન પાના નં.૬ પર

# બાળકોને ટેકનોલોજીના વ્યસનથી બચાવો

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું કહેવું હતું કે જો તમે તમારા બાળકને બુદ્ધિશાળી બનાવવા માગતા હોય તો તેને પરી કથા કહો. તેને વધુ ચતુર બનાવવા માગતા હોવ તો તેને વિવિધ પ્રકારની વાર્તાઓ સંભળાવો. ૨૧મી સદીમાં બાળપણ પણ હાઇટેક બની ગયું છે. છ મહિનાના બાળકની પાસે પણ મોબાઇલના વિવિધ રીંગટોનના અવાજ કરો તો તે આનંદિત થઇ જાય છે. ટી.વી.નું રિમોટ, મોબાઇલ અને ઇન્ટરનેટ વાપરવું તેને આપોઆપ આવડી ગયું છે. મોબાઇલ ફોન અને સોશિયલ સાઇટની મદદથી એકબીજાની સાથે જોડાવું સરળ બની ગયું છે. ફક્ત બટન દબાવવાથી એકબીજાની સાથે જોડાવું સરળ બની ગયું છે.



આધુનિક માતા-પિતા પણ બાળકોને નાની ઉંમરથી જ સારી સગવડ ધરાવતા મોબાઇલ ફોન કે લેપટોપ અપાવવા લાગ્યા છે. માતાપિતા બંને કામ ઉપર જતા હોવાથી બાળકોની સાથે સહેલાઇથી સંપર્કમાં રહેવાય. બાળપણમાં જ બાળકો ગેજેટ્સના બંધાણી બની જાય છે. જેની અસર તેમના અભ્યાસની સાથે તેમના સ્વાસ્થ્ય અને સ્વભાવ ઉપર પણ થતી જોવા મળે છે.

**● શું હોય છે ટેકનોલોજીનું વ્યસન ?**

મોબાઇલ, કોમ્પ્યુટર, લેપટોપ, ઇન્ટરનેટ આજે જીવનની એક આવશ્યક જરૂરિયાત બની ગઇ છે. તેને કારણે જીવન સરળ બની ગયું છે. જયારે આજે ટેકનોલોજી સિવાય થોડો સમય પણ પસાર કરવાનો સમય આવે તો તે વસમું લાગે છે. દિવસનો મોટો ભાગ સોશિયલ નેટવર્કિંગ સાઇટ ઉપર પસાર કરવાને કારણે કુટુંબીજનો, સંબંધીઓ કે મિત્રો સાથે પ્રત્યક્ષ સંબંધ તૂટવા લાગે ત્યારે સમજી લેવું કે ટેકનોલોજીનું વ્યસન આપને લાગી ગયું છે.

**● બાળકો તેનો શિકાર વધુ બની રહ્યા છે.**

એક અભ્યાસ પ્રમામે બાળકો ૧૫-૧૬ વર્ષની ઉંમર પહેલાં મોબાઇલ ફોન કે કોમ્પ્યુટરનો ઉપયોગ મર્યાદિત માત્રામાં કરે તે જરુરી છે. દેખાદેખીને કારણે પોતાનું બાળક પાછળ રહી જશે, તે ડરને કારણે બાળકોને નાની ઉંમરથી જ મોબાઇલ લેપટોપ વાપરવાની પરવાનગી મળી જાય છે. એક વખત બાળક વિવિધ ગેજેટ્સ વાપરવામાં પારવધો બની જાય ત્યારબાદ તેને માટે ઓનલાઇન ગેમ્સ, સોશિયલ નેટવર્કિંગ ઉપર ચેટીંગ કરવું, તેજ તેની દુનિયા બની જાય છે. ટેકનોલોજીનું વ્યસન એ કોઇ માનસિક બિમારી નથી. પણ તેની કેટલીક આડ અસર જોવા મળે છે.

- બાળકોને શાળામાં કે બહાર ફરવા ગયા હોય ત્યારે ઊંઘ આવ્યા કરવી.
- શાળાની વિવિધ પરીક્ષાના પરિણામ ઉપર તેની અસર.
- ખાવાપીવાની આદતોમાં બદલાવ આવી જવો. જંકફૂડના દિવાના બની જવું.
- મિત્રો સાથે રમવા જવાને બદલે ઘરમાં પ્લે સ્ટેશન ઉપર કે કોમ્પ્યુટર ઉપર રમત રમતા રહેવું વધુ પસંદ બની જવું.
- મિત્રો સાથે ઓનલાન ન રહેવા મળે તો બેચેન બની જવું.
- લગ્ન હોય કે બર્થડે પાર્ટી હોય કે પછી કૌટુંબિક મેળાવડામાં જવાનું પસંદ પડતું નથી.
- સતત ઘરમાં બેસી રહેવાને કારણે શરીર વધી જવું કે સ્વભાવ ચીડિયો બનીજાય છે. પોતાનું ધાર્યું જ થવું જોઇએ તેવો આગ્રહ રાખવામાં આવે છે.
- આંખોની એકદમ નજીક રાખીને મોબાઇલનો ઉપયોગ કરવાથી ચશ્મા આવે છે.
- સાત આઠ કલાક સળંગ એક જગ્યાએ બેસી રહેવાથી કમર અને ગળામાં દુખાવો થવા લાગે છે.
- કી-પેડના સતત ઉપયોગથી આંગળી અને હાથનાં કાંડામાં દુખાવો થવો.
- મોબાઇલ હોય કે કોમ્પ્યુટર હોય કે પછી લેપટોપ હોય, બાળકો હેડફોનનો ઉપયોગ કરતા હોય છે. લાંબે ગાળે કાનમાં દુખાવો થવો કે ઓછું સાંભળવા જેવી તકલીફોનો શિકાર બનવું પડે છે.

**● માતા-પિતાએ યોગ્ય સંભાળ કઇ રીતે લેવી?**

બાળકોને નાની ઉંમરમાં મોબાઇલ કે કોમ્પ્યુટરથી વિમુખ રાખવા કઠિન બની જાય છે. બાળકોને તે વાપરવા આપતા પહેલાં તેને કેટલો સમય વાપરવા તેના નિયમ બનાવી રાખો. બાળકોને પહેલેથી કહી દો કે નિયમોનું પાલન કરશે તો જ તેમને ઉપયોગ કરવાની પરવાનગી મળશે.

**● રાત્રિના સમયે મોડે સુધી ટેકનોલોજીનો ઉપયોગ કરે નહીં તેની સંભાળ લેવી જરુરી છે.**

ઓનલાઇન મિત્રો કોણ છે. કેવા પ્રકારની વાતચીત તેમાં બાળકો કરે છે તે ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેમનો પાસવર્ડ, ફોટો અને એકાઉન્ટની માહિતી તેની સાથે બેસીને જાણવી જોઇએ.

આજકાલ ઘણા સોફ્ટવેર કે એપ્સ બજારમાં ઉપલબ્ધ છે. જે વિવિધ સાઇટ્સ ઉપરની માહિતી ફિલ્ટર કરે છે. તેવા પ્રોગ્રામને કોમ્પ્યુટરમાં નંખાવી દેવા જોઇએ. જેથી બાળકો બિનજરુરી સાઇટ્સ ખોલી ન શકે. ટેકનોલોજીના વડુ પડતા ઉપયોગની આડઅસરોથી તેમને માહિતગાર કરતા રહો. તમે સાચું કહો છો તે વાતની જાણકારી એમને ઓનલાઇન મેળવવા કહો. એક વખતે તેમને આડ અસરની જાણકારી મળી જશે, તો આપોઆપ તેનો ઉપયોગ તેઓ મર્યાદિત કરશે.

આજે જયારે દુનિયા હાઇટેક બની ગઇ છે ત્યારે બાળકોને ટેકનોલોજીના ઉપયોગથી દૂર રાખવા યોગ્ય થી. એક સર્વે અનુસાર નવથી બાર વર્ષના ૬૦ ટકા વિદ્યાર્થીઓ દિવસમાં લગભગ ત્રણ કલાક સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ ઉપર વિતાવે છે. યોગ્ય ઉપયોગથી બાળકોને જ્ઞાનની સાથે દુનિયાની પળેપળની જાણકારી મળશે. જે તેની ચતુરાઇમાં વધારો કરશે. ટેકનોફ્રેન્ડલીના જમાનામાં તે પાછળ રહી ન જાય તે જોવું રહ્યું.

જમાનાની સાથે ચાલવું હશે તો તેમને કોમ્પ્યુટર ઉપર વિવિધ વાર્તા વાંચવાનો શોખ કેળવવો પડશે.

# એક જમાનામાં 'સ્નેક શૉ' એ હરણોદ્યાનની આગવી ઓળખ હતી અને આજે પણ અહીં આવનાર સહેલાણીઓ માટે 'સર્પગૃહ' આકર્ષણનું કેન્દ્ર છે

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

ઘરમાં સાપ નીકળે તો તમે શું કરો?

'મારી નાંખીએ'

'કેમ?'

'બીક લાગે'

એક સમય એવો હતો કે કોઇ પણને પુછો તો ઉપરનાં બંને પ્રશ્નોના જવાબ આ મુજબ જ મળતા. તે સમયે સાપને હાથમાં પકડવાની કોઇ વાત કરે તો? આ વાતની શરુઆત વર્ષો પહેલાં ગાંધીનગરના હરણોદ્યાનમાં થઇ. સર્પ નિદર્શન (સ્નેક શો) દ્વારા સાપનો ભય દૂર કરવા, સાપને રક્ષણ આપવા અને સાપ વિષે સાચી સમજ કેળવાય તેવા હેતુઓ સાથે આ શરુઆત થઇ હતી.

ગાંધીનગરમાં નવો નવો વસવાટ થઇ રહ્યો હતો. ખેતરાઉ અને વગડાઉ વિસ્તાર હોવાથી અને સાબરમતી નદીના કિનારાનો કોતરવાળો જંગલ જેવો ખાડા ટેકરા અને ઉબડખાબડ જમીનવાળો આ વિસ્તાર હોવાથી વન્યજીવો માટે ખુબ જ અનુકૂળતા વાળો વિસ્તાર હતો. તેથી સાપનાં રાફડાંનો પાર નહીં. નવી બનતી વસાહતોમાં અવારનવાર જુદા જુદા પ્રકારના સાપ આવી જતાં જોવા મળતાં જેનાથી ભયના માર્યા લોકો લાકડીઓ લઇને તેના પર તૂટી પડતા. ત્યારે તેને બચાવવાનો વિચાર તો કોઇને આવે જ કયાંથી? અને કદાચ આપણી ધાર્મિક પરંપરાઓને કારણે વિચાર આવે તો પણ કઇ રીતે તેને બચાવાય તેની સમજ તો હોવી જોઇએ. તે સમયે મદારીઓ સાપના ખેલ કરતા. સાપને નોળીયાને લડાવતા એ જોઇ લોકોને આશ્ચર્ય સાથે આનંદ પણ આવતો નાના મોટા અલાબવૃદ્ધ સૌએ જોવા ભેગા થઇ જતાં. કંઇક અંશે મંદારીઓ પણ સાપને મારવા ન જોઇએ તેવો સંદેશો લોકો વચ્ચે પહોંચાડવાનુ ંકામ કરતા. પણ તેઓ એ પેટીલું રળવા આવું કહે છે એવો ભાવ આવતો. એવા વિપરિત સમયમાં (સ્નેક શો) નો વિચાર અહીં અમલમાં આવેલો. જો કે વિદેશોમાં તો વર્ષોથી આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી જ હતી. જેની ગાંધીનગરમાં સાપને બચાવવાના આ પ્રયાસની શરુઆતનો જશ તો હરણોદ્યાનને જ મળે તે વાતમાં કોઇ શક નથી.

હરણોદ્યાન ખાતે પહેલાવહેલાં આવવાનો અને જોવાનો પ્રસંગ પણ મારે આ નિમિત્તે જ બનેલો. ખેડા જિલ્લામાં સાપ અંગેની જાગૃતિનો એક કાર્યક્રમ કરવા માટે અહીં આવીને હું રસીકભાઇ પટેલને લઇ ગયેલો, મગરનું બચ્ચું ખોવાઇ ગયેલું, પછી લાંબા સમયે મળેલું. તે બનાવને બાદ કરતાં સમગ્ર કાર્યક્રમ ખુબ સફળ રહેલો. કપડવંજના રત્નાગીરી માતાના મેળામાં લગભગ ૫૦૦૦ લોકો વચ્ચે સ્ટેજ પર સ્નેર શો કરવામાં આવ્યો ત્યારે પહેલવહેલો લોકોએ આ પ્રકારનો શો જોઇ આશ્ચર્ય અનુભવ્યું. લોકોમાં 'મોર્ડન મદારી' આવ્યાની એક છાપ ઊભી થયેલી પણ સાથે સાથે સાપની ઉપયોગીતા, પર્યાવરણમાં તેનું મહત્ત્વ અને ઝેરી બિન, ઝેરી સાપ વચ્ચનો તફાવત તેની ઓળખ દ્વારા જે આપણામાં આવેલો તે બધા માટે એક યાદગાર અવસર બની ગયેલો. મેં જોયેલું કે દિવસો સુધી ઘેર ઘેર એ વાતની જ ચર્ચા થતી હતી. ઉપરાંત નડીયાદ, પેટલાદ, આણંદ, ખંભાત, ડાકોર, મહેમદાબાદ જેવા અનેક સ્થળોએ સાર્વજનિક જગ્યાએ શાળાઓમાં આ કાર્યક્રમ ગોઠવાયેલો.

તે પછી મારે આવવાનો અને વન્યજીવો સાથે જીવન જોડવાનો જે મોકો મળ્યો તેને મેં વધાવી લીધો. મને જાણવા મળ્યા મુજબ શરુઆતમાં કાળાજી ધોળાજી ઠાકોર જે અહીંથી નજીકના જ અમીયાપુર ગામના વતની હતા. એ સાપને પકડતા. તે કદાચ અહીંના એક કર્મચારી એવા જયંતિભાઇ ગોલાણીયા પાસેથી આ કલા શિખ્યા હતા. તેઓ બંને ગાંધીનગરમાં નીકળતાં સાપને પકડી લાવતાં. તેમાંથી અલગ અલગ પ્રકારના અને જાતિના કેટલાક સાપને લાકડાંની કાણાંવાળી પેટીઓમાં રાખતા જેમાં એક તરફ કાચ અને ઉપર જાળી રહેતી. સાપને પકડવા માટે ખાસ પ્રકારે આગળ નવી 'એન' આકારે વાળેલો લાંબો સળીયો સ્ટીક તરીકે વપરાતો, તેમની પાસેથી ઘણા લોકો સાપ પકડતા શિખ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં હરણોદ્યાનના જ નૂર મહંમદ ઠેબા, રસીકભાઇ, કાળાજી બબાજી ઠાકોર ઉપરાંત બહારના મનીષ વૈદ્ય કે ધર્મેન્દ્ર ત્રિવેદી જેવા શિક્ષિત યુવાનો આ સર્પનિદર્શિત કરતા થયેલા. તેમણે તો પછી એક આખી પેઢી ઊભી કરી. જેમને ધર્મેન્દ્રભાઇ એ 'સ્નેહ લવર્સ કલબ' બનાવી છે.

જો કે સમય અને સંજોગો બદલવાની સાથે હવે 'સ્નેક શો' થતાં બંધ થયા છે પણ સર્પ અંગેનું શિક્ષણ, સમજ અને ઓળખ ઊભી કરી આપતા આ પ્રવૃત્તિ દ્વારા સાપને બચાવવાનુંએક મોટું કામ થયું છે. તે વાત સ્વીકારવી જ રહી.

એ પછી તો હરણોદ્યાનમાં 'સર્પગ્રહ' ઊભું થયું. જુદા જુદા પ્રકારના સાપની ઓળખ માટે દરેક સાપના ખાના પાસે તેને લગતી વિગતો આરસપહાણની પ્લેટમાં લગાવીને મુકવામાં આવી છે. એક જમાનામાં 'સ્નેક શો' એ હરણોદ્યાનની આગવી ઓળખ હતી અને આજે પણ અહીં આવનાર સહેલાણીઓ માટે 'સર્પગૃહ' આકર્ષણનું કેન્દ્ર છે.

તેમજ લોક શિક્ષણનું એક ઉત્તમ માધ્યમ છે. જયારે વાઇલ્ડ લાઇફ અંગેનું અધધ કહી શકાય એટલી ટીવી ચેનલો નહોતી, ઇન્ટરનેટ કે સેલફોનમાં વોટ્સઅપ જેવી સુવિધાઓ નહોતી ત્યારે જે લોકજાગૃતિનું કામ અહીં થયેલું તે ખરેખર અદ્ભૂત લાકે તો નવાઇ ન કહેવાય. તે સમયે સાપ વિષે જે અનેક ભ્રામક માન્યતાઓ ચાલતી તેને દૂર કરવાનું કંઇ સહેલું ન હતું. નાગમણી મેળવવા કરવામાં આવતા પ્રયત્નો, નાગના મૃત્યુ બાદ બદલો લેવા નાગણી આવે, નાગ જેને જુએ તેની આંખમાં દૃશ્ય અંકિત થઇ જાય. નાગદેવતા દુધ પીવે, નાગની કાંચળીને તિજોરીમાં રાખવાથી ધનનો ભંડાર છલકતો રહે આ અને આવી અનેક ગેરમાન્યતાઓ આજે પણ સમાજમાં પ્રવર્તે છે. જેમાં કયારેક જાણ્યેઅજાણ્યે મીથકો લખતા સાહિત્યકારો અને ફિલ્મો કે ટી.વી. સિરીયલોમાં લોકોની આ પ્રકારની માન્યતાને બળ મળે તેવી વાતોથી આ ભ્રમો વધુ ને વધુ ફેલાયા હોય છે. ત્યારે હરણોદ્યાનમાં ચાલતી સર્પનિદર્શનની પ્રવૃત્તિથી લોકોમાં ખુબ જ પદ્ધતિસર માહિતી આપવામાં આવતી.

**(અપૂર્ણ...)**